# બનાસકાંઠામાં પાર્ટી બહારના ઉમેદવારને ટિકિટ અપાશે તો ધડાધડ રાજીનામાં પડશે

## બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે કાર્યકરોનો હોબાળો

પાલનપુર, તા. ૨૯

બનાસકાંઠા લોકસભાની બેઠક ઉપર ભાજપ દ્વારા તેમના ઉમેદવાર નક્કી કરી દેવાયા છે. બીજી તરફ કોંગ્રેસ હજુ સુધી કોને ટિકિટ આપવી તેની અસંમજસમાં છે. જેમાં સહકારીક્ષેત્રના એક અગ્રણીને ટિકિટ આપવાની ચર્ચા ચાલી રહી છે. ત્યારે જો પાર્ટી બહારના ઉમેદવારને ટિકિટ આપવામાં આવશે તો જિલ્લા કોંગ્રેસમાંથી ધડાધડ રાજીનામા પડશે તેવી ચિમકી સાથે ગુરૂવારે પાલનપુર ખાતે જિલ્લા કોંગ્રેસ કાર્યાલયમાં કાર્યકરો અને આગેવાનોએ હોબાળો કરતાં ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી.

બનાસકાંઠા લોકસભાની ચૂંટણીમાં ભાજપે પરબતભાઈ પટેલને ટિકિટ ફાળવી છે. જોકે, સામે પક્ષે કોંગ્રેસ તેના ઉમેદવારને લઈ અવઢવમાં છે. ચૂંટણી માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ હોવા છતાં કોંગ્રેસ દ્વારા બનાસકાંઠા બેઠકના ઉમેદવાર હજુ સુધી જાહેર કરવામાં આવ્યા નથી. ઉમેદવાર માટે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સહિત અન્ય નામો ચર્ચાઈ રહ્યા છે. જોકે, ભાજપના ઉમેદવાર પટેલ સમાજમાંથી આવતાં હોવાથી કોંગ્રેસ પણ આ સમાજના અને સહકારીક્ષેત્રના એક આગેવાનને ટિકિટ આપે તેવી ચર્ચાએ જોર પકડયું છે. ત્યારે આ બાબતથી ગિન્નાયેલા કોગ્રેસના કાર્યકરો અને આગેવાનો ગુરૂવારે સાંજે પાલનપુર ખાતે જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે એકત્ર થયા હતા. અને જો કોંગ્રેસ પાર્ટીના કાર્યકર સિવાય અન્ય કોઈ સહકારીક્ષેત્રના વ્યકિતને ટિકિટ આપવામાં આવશે તો જિલ્લા, તાલુકા અને શહેર કોંગ્રેસના આગેવાનો, કાર્યકરો ધડાધડ રાજીનામા આપશે. તેવી ચિમકી સાથે કેટલાક કાર્યકરો અને આગેવાનોએ હોબાળો મચાવતાં ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસના ઉમેદવારનું કોકડું ગૂંચવાયેલું છે. આવી સ્થિતિમાં ઈતરકોમ પણ તેમના આગેવાનોને ટિકિટ મળે તેવી આશા લઈને બેઠો છે. જોકે, સહકારીક્ષેત્રના વ્યકિતને ટિકિટ આપવાની ચર્ચાને લઈ વર્તમાન સમયે તો કોંગ્રેસના કાર્યકરો- આગેવાનોમાં ભારોભાર રોષ જોવા મળી રહ્યો છે.



# મોડાસાના ટીંટોઈ ગામે ઘઉંના ખેતરમાં આગ

## ચાર ખેડૂતોના ૪૦૦ મણથી વધુ ઘઉં બળીને ખાખ

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં દરવર્ષે ખેતરો માંથી પસાર થતા ઝોલા ખાતા હેવી વીજતારથી ખેતરમાં તૈયાર ઉભા ઘઉંનો પાક બળીને ખાખ થઈ જવાની અનેક ઘટનાઓ બનતી રહે છે ઘઉંની સીઝનમાં જ વીજતાર એકબીજા સાથે અથડાવાથી તણખલા ઝરતા થોડીક જ મિનિટોમાં ઘઉંનો પાક બળીને ખાખ થઈ જતો હોય છે મોડાસા તાલુકાના ટીંટોઈ ગામે ઘઉં થી છલોછલ ભરેલ ખેતરોમાં પસાર થતા વીજતારમાં શોર્ટ સર્કિટ થતા આગ લાગતાં ૪ ખેતરોમાં ઘઉંનો પાક સ્વાહા થતા ખેડૂતો રડમશ બની ઉઠ્યા હતા.

શુક્રવારે બપોરે ટીંટોઈ ગામની સીમમાં આવેલા ખેતર માંથી પસાર થતા વીજતારમાં અગમ્ય કારણોસર શોર્ટ સર્કિટ થતા અને તણખલા ઝરતા ખેતરમાં તૈયાર ઉભા ઘઉંના પાકમાં આગ લાગતાં અને ઝડપથી પ્રસરતા આજુબાજુમાં રહેલા અન્ય ૪ ખેતરોમાં ઉભા ઘઉં આગ લાગતાં ખેડૂતો અને ગામલોકો દોડી આવી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવા પ્રયત્નો હાથધર્યા હતા મોડાસા ફાયર ફાયટરની ટીમે ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબુ મેળવવામાં સફળ રહેતા અન્ય ખેતરોમાં આગ પ્રસરતી અટકી હતી આજુબાજુમાં રહેલા અન્ય ખેતરોના માલિકોએ હાશકારો અનુભવ્યો હતો.



ટીંટોઈ ગામના ૧) મુળજીભાઈ ખાનાભાઈ પરમાર, ૨) રમણભાઈ ખાનાભાઈ પરમાર, ૩) ઈશ્વરભાઈ પરમાર અને ૪) કનુભાઈ પરમારના ખેતરોમાં રહેલા ઘઉંના પાકને ઝપેટમાં લેતા બળીને ખાખ થતા ૪૦૦ મણ થી વધુ તૈયાર થયેલા ઘઉંનો પાક આગ થી રાખ માં ફેરવાતા ખેડૂતોએ સ્વજન ગુમાવ્યો હોય તેમ આઘાતમાં સરી પડ્યા હતા મહા મહેનતે પકવેલા ઘઉં બળી જતા ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો હતો.



સાબરકાંઠા જીલ્લાના પ્રાંતિજ તાલુકાના મજરા થી તલોદ રોડ પર મજરા પાસે શુક્રવારે સવારે કાર અને એકટીવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બંને વાહનો આગમાં લપેટાઈ ગયા હતા જેમાં બંને વાહનો સાથે એકટીવા ચાલક યુવક સળગી ગયો હતો તો કાર ચાલક પણ આગથી દાજ્યો હતો. પ્રાંતિજના મજરાથી સવારે ૩૦ વર્ષીય વનરાજસિંહ રાઠોડ એકટીવા પર ડીઝલનો કેરબો ભરીને પરત ઘરે જઈ રહ્યા હતા દરમિયાન મજરા નજીક અમીનપુરના લવ વસંતભાઈ પટેલ પત્નીને ઘડકણ મૂકી પરત આવતા હતા. જેમાં વનરાજસિંહ આગમાં સળગી ગયો હતો પ્રાંતિજ પોલીસને જાણ થતા પોલીસે ઘટના સ્થળે પહોચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# બનાસકાંઠામાં સોશિયલ મિડીયામાં સામાજિક લાગણી દુભાય તેવી પોસ્ટથી ચકચાર

પાલનપુર, તા. ૨૯

બનાસકાંઠા લોકસભાની બેઠક ઉપર ભાજપ દ્વારા ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે. જેના સંદર્ભે અન્ય સમાજની લાગણી દુભાય તેવી પોસ્ટ સોસિયલ મિડીયામાં પોસ્ટ થતાં ચકચાર મચી જવા પામી છે. આ પોસ્ટ મુકનારા શખ્સ સામે ગૂનો નોંધવા માટે પોલીસ મથકે રજૂઆત કરવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લામાં લોકસભાની ચૂંટણીમાં ભાજપ દ્વારા રાજ્ય સરકારના મંત્રી અને થરાદના ધારાસભ્ય પરબતભાઈ પટેલને ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા છે. જેમણે ગુરૂવારથી તેમના ચૂંટણી પ્રચારનો પણ પ્રારંભ કર્યો હતો. દરમિયાન પટેલ સમાજને અપાયેલી ટિકીટને લઈ અન્ય સમાજની લાગણી દુભાય તેવી પોસ્ટ ગુરૂવારે સોસિયલ મિડીયામાં પોસ્ટ થતાં ચકચાર મચી જવા પામી છે. આ પોસ્ટ મુકનારા શખ્સ સામે ગૂનો નોંધવા માટે પોલીસ મથકે અરજી કરવામાં આવી છે. વાવ તાલુકાના જોરડીયાળી ગામના અમરભાઈ મશરૂભાઈ હુણે માવસરી પોલીસ મથકે કરેલી અરજીમાં જણાવ્યું હતુ કે, મારૂ ફેસબુક એકાઉન્ટ ખોલતાં તેમાં પુરાભાઈ પટેલ નામના શખ્સે અન્ય સમાજની લાગણી દુભાય તેવી ચાર પોસ્ટો મુકી હતી. આથી તેની સામે આઈ. ટી. એકટ અને ઈ. પી. કો. ક. ૫૦૧ મુજબની ફરિયાદ દાખલ કરી તાત્કાલિક આરોપીને અટક કરવા વિનંતી છે. આ સોસિયલ પોસ્ટને પગલે સમગ્ર જિલ્લામાં ભારે ચકચાર મચી જવા પામી છે.

**કઇ પોસ્ટ મુકાઇ**

બનાસકાંઠામાં ચૌધરી આડે ઠાકોરને રબારી દેખ્યા નહી મળે ચૌધરી રાજ

ચૌધરી રાજ ભાજપ રાજ

બનાસકાંઠામાં ચૌધરીઓનું રાજ રહેશે. બાકી બીજા તો મજુરી કરવાના ઈતિહાસ સાક્ષી પુરે છે.


તાલુકાથી સંસદ સુધી ભાજપની ટિકિટ જોઈતી હોયને તો પટલાણીને પેટે જન્મ લેવો પડે.

# ખેડબ્રહ્મા શહેરના એક માત્ર બગીચામાં કચરાના ઢગ

ખેડબ્રહ્મા, તા. ૨૯

ખેડબ્રહ્મા શહેરમાં આવેલ ત્રિવેણી સંગમ સ્થાન હરણાવ નદીના કિનારે નગર પાલિકા દ્વારા રિવરફ્રન્ટ અને બગીચો બનાવવામાં આવેલ છે. પણ નગરપાલિકાના જાળવણીના અભાવે લાખોના ખર્ચે બનેલ બગીચો અને રિવરફ્રન્ટ અવાવરુ અને અસામાજીક તત્વોનો અડ્ડો બન્યો છે.

ખેડબ્રહ્મા શહેરમા હાલની વસ્તી પચીસ હજાર છે જેના માટે ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા એક માત્ર બગીચો શહેરમાં ત્રિવેણી સંગમ સ્થાન હરણાવ નદીના કિનારે બનાવવામાં આવેલ છે. બગીચો અને રિવરફ્રન્ટ અંદાજે દોઢ કરોડ રુપિયાના ખર્ચે વર્ષ ૨૦૧૫ માં બનાવેલ અને લોકાર્પણ કરાયુ હતુ. જેથી ખેડબ્રહ્મા શહેરના નાગરીકોને શાન્તિથી બેસવા માટે આ એક માત્ર જગ્યા છે તેમજ શિયાળામાં નાગરીકો મોર્નિંગ વોક માટે પણ આવે છે પણ ખેડબ્રહ્મા નગરપાલિકા સંચાલિત આ બગીચાની જાળવણીની જાણે કોઈને પડી જ નથી તેવી રીતે બગીચા અને રિવરફ્રન્ટની હાલની પરિસ્થિતિ ઉપરથી જણાય છે જેમાં લાઈટના બોક્ષ તૂટેલી હાલતમાં છે જેમાં નાના બાળકો ભૂલથી અડી જાય અને કોઈ અઘટીત ઘટના ઘટે તો જવાબદારી કોની રહેશે ?



જયારે ચોકીદારની રુમને કોઈએ નકુચો જ તોડી નાખ્યો છે બગીચાના મુખ્ય દરવાજાને તાળુ જ નથી પણ હાલના તબક્કે ફકત તાર બાંધવામાં આવ્યો છે રિવરફ્રન્ટની સલામતી ફકત એક તારના જ ભરોસે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરુ કરેલ સ્વચ્છતા અભિયાન આ બગીચા અને રિવરફ્રન્ટને કોઈ અસર વર્તાતી નથી તે સ્પષ્ટ દેખાઈ આવે છે. બગીચામાં આવેલ ટોઈલેટ અને કેન્ટીનના કાચ તૂટી જતા અંદરના ભાગે દારુની પોટલીઓ તથા બોટલોએ પણ અડીંગો જમાવ્યો છે. પુરુષોના ટોઈલેટ પણ સાવ તૂટી ગયેલ નજરે પડી રહયા છે.

આ બધુ નગરપાલિકા માટે સબ સલામત હોવાનુ જણાઈ આવે છે. રિવરફ્રન્ટમાં જયાં દેખો ત્યાં કચરો જ કચરો દેખાય છે. આખા બગીચાની જાળવણી માટે એક માત્ર કર્મચારી છે તે કર્મચારી પણ દૈનિક રોજ પર રાખેલ છે. હાલ ઉનાળાની સિઝન ચાલુ થતી હોય લોકોની માગણી છે કે સત્વરે વેકેશન પહેલા બગીચો અને રીવરફ્રન્ટ સાફ સફાઈ કરી દુરસ્ત કરવામાં આવે જેથી લોકો બગીચાનો પૂરતો ઉપયોગ કરી શકે.

# લાખણીથી થરાદના ચાંગડાના સરપંચનો ભાઈ લાંચ લેતાં ઝડપાયો

થરાદ તાલુકાના ચાંગડા ગામના અરજદારની વડીલોપારજીત મિલકત પંચાયતના નામે થયેલી જે સંયુક્ત નામે કરવા માટે સરપંચે ૫૦ હજારની માગણી કરી હતી. પરંતુ અરજદાર પાસે ૧૦ હજારની જ સગવડ થતાં તેમજ લાંચની રકમ આપવાના માંગતા હોઈ એસીબી નો સંપર્ક કરતા છટકાનુ આયોજન કર્યું હતુ. જે રકમ લાખણીથી અરજદાર પાસેથી સરપંચનો ભાઈ સ્વીકારતા રંગે હાથ ઝડપાઈ ગયો હતો.



થરાદ તાલુકાના ચાંગડા ગૃપપંચાયતના એક નાગરિકની વડીલોપાર્જિત મિલ્કત મકાનો ના આકરણી ના ભરવાથી તથા મિલ્કત નંબર ના ફેરફારથી પંચાયત ના નામે થયેલ જેથી અરજદારે એ જુના આકારણી પત્રાકો તલાટી ને બતાવતા તેઓ એ સરપંચ નો વિષય હોવાનુ જણાવેલ.જેથી સરપંચ ને આ બાબતે મળી જણાવેલ કે મારા દાદા મરણ ગયેલ છે.મીલ્કત અમારા સંયુકત નામે કરવી છે.જેથી સરપંચે કહેલ કે ખર્ચો કરવો પડ્શે. ત્યારબાદ ફરી થી સરપંચ ને આ બાબતે પુછતાં જણાવેલ કે ૫૦,૦૦૦/- થશે. જેથી ફરીયાદી એ ઓછા કરવાનુ જણાવતા કહેલ કે હાલ અર્ધા આપો બીજા કામ થયા પછી પરંતુ ફરીયાદીએ હાલ ૧૦,૦૦૦/- ની વ્યવસ્થા થઈ છે તેવું જણાવતા સરપંચે તેમના ભાઈને આ રકમ આપી દેવા જણાવતા ફરીયાદી લાંચ ની રકમ આપવા નાં માંગતા હોઈ એસીબી નો સંપર્ક કર્યો હતો. આથી એસીબી પીઆઈ કે. જે. પટેલે સ્ટાફ સાથે છટકા નુ આયોજન કરતા મેવાભાઈ કાળાજી મકવાણાએ તેમના ભાઈ દાનાભાઈ કાળાજી મકવાણા (સરપંચ) ( બન્ને રહે. મેઘપુરા તા. થરાદ) ના કહેવા મુજબ લાંચ ની રકમ ની માંગણી કરી લાખણી ખાતે જાહેર રસ્તા ઉપર સ્વીકારતાં છઝ્રમ્ અધિકારી કે.જે. પટેલની ટીમે રંગે હાથ પકડી લઈ વધુ તપાસ હાથ ધરી હતી.



હિમતનગર-રખિયાલ વચ્ચે આજે રેલ્વે વિભાગ ધ્વારા સીઆરએસ ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું જેમાં ડીઆરએમ, સીઆરએસ અને સીપીટી સહીતના અધિકારીઓની ટીમ પ્રથમ આઠ ડબ્બાની ટ્રેન અને તેની પાછળ ચાર ટ્રોલીમાં અધિકારીઓ બેસીને હિમતનગર રેલ્વે સ્ટેશને શુક્રવારે બપોરે આવ્યા હતા અને રેલ્વે સ્ટેશન પર અધિકારીઓએ ઈન્સ્પેકશન કર્યું હતું જેને લઈને હિમતનગર શહેરી જનો પર ટ્રેન દેખવા ઉમટી પડ્યા હતા.

# માલપુર માણેક કૃપા વિદ્યા મંદિરનો વાર્ષિકોત્સવ ઉજવાયો

મોડાસા, તા. ૨૯

માલપુર નગરમાં ગાયત્રી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત માણેક કૃપા વિદ્યામંદિરનો વાર્ષિકોત્સવ મોરડુંગરી જલારામ મંદિરે રંગે ચંગે યોજાયો. જેમાં શાળામાં ધોરણ ૧થી ૭ માં પ્રથમ અને બીજા ક્રમે આવેલ શાળાના વિદ્યાર્થીઓને ટ્રોફી આપી પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાને અરવલ્લી જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન અને સહકારી આગેવાન જસુભાઈ પટેલ, ઉઘાટક તરીકે મેઘરજ રામદેવ આશ્રમના મહંત દિપકભાઈ રામદેવ પુત્ર, મેઘરજ કોલેજના આચાર્ય ઉત્તમભાઈ ગાગુંડે, અતિથિ વિશેષ તરીકે લોકસેવક સુરેશભાઈ પુનડિયા, ડો. સંજય પટેલ, નિવૃત્ત શિક્ષક જયેન્દ્ર પંડ્યા, સામાજિક કાર્યકર જેઠાભાઈ પટેલ અને પત્રકાર શૈલેષ પંડ્યા હાજર રહ્યા હતા અને વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. ત્યારબાદ સમારંભ સ્થળે બનાવેલ રંગમંચ પર શાળાના વિદ્યાર્થીઓએ અલગ અલગ કૃતિઓ રજુ કરી દરેકને મંત્રમુગ્ધ કરી દીધા હતા. જેમાં ૧૪ ફેબ્રુઆરીના રોજ થયેલ પુલવામાં આતંકી હુમલો અને આપના ઝાબાઝ જવાનો દ્વારા કરાયેલ એર સ્ટ્રાઈકની થીમ ખૂબ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું અને હાજર સૌ વહાલીઓ અને દર્શકો સહિત દેશભક્તિનું વાતાવરણ જોવા મળ્યું હતું.





## ધાનેરાના ધાખા ગામે શીતળા સાતમ નિમિત્તે લોકમેળો ભરાયો

ધાખા ગામે શીતળા સાતમ નિમિત્તે લોકમેળો ભરાયો હતો, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ શીતળા માતાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને લોકોએ મેળાનો આનંદ માન્યો હતો.

ધાનેરા તાલુકાના ધાખા ગામે શીતળા માતાનું વર્ષો પુરાણું મંદિર આવેલું છે અને આ મંદિરે દરરોજ મોટી સંખ્યામાં ભક્તો આવી માના શરણમાં શીશ નમાવે છે. ત્યારે આ મંદિરે વર્ષમાં બે વખત લોકમેળો પણ ભરાય છે એક મેળો શ્રાવણ મહિનામાં ભરાય છે તો બીજો મેળો ફાગણ મહિનામાં ભરાય છે. ત્યારે આજે શીતળા સાતમ નિમિતે ભવ્ય લોક મેળો ભરાયો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકો માના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને મેળાનો આનંદ માળ્યો હતો. રાંધણ છઠ ના દિવસે લોકો ભોજન બનાવે છે અને બીજા દિવસે એટલે કે શીતળા સાતમના દિવસે લોકો ધાખા ગામના શીતળા માતાના મંદિરે આવી ભોજન માતાજીને અર્પણ કરે છે અને તે બાદ લોકો પણ પ્રસાદનારૂપે એ ભોજન આરોગે છે. તો બીજી પણ લોક વાયકા છે કે જો કોઈને ઓરી, અછબડા ગાળાનો રોગ આંખ દુખાવો કાં દુખવા જેવી બીમારી થાય તો લોકો શીતળા માતા ચાંદીની આંખ ગળું જેવા અંગોની માનતા કરે છે અને તે માનતા આજના દિવસે પુરી કરે છે. ધાખાના શીતળા માતાને ઠંડુ ભોજા અને મીઠાની પ્રસાદી અર્પણ કરવામાં આવે છે ત્યારે આજે મોટી સંખ્યામાં લોકોએ ઠંડા ભોજન અને મીઠાની પ્રસાદી માતાજી ચડાવી ધન્યતા અનુભવી હતી.

# સાબરકાંઠાના ૮૦ ટકા ખેડૂત ખાતેદારોને સહાયનો પ્રથમ હપ્તો ચુકવાયો

## ચૂંટણીપંચની પરવાનગી મળ્યા બાદ બાકી ખેડૂતોને સહાય ચુકવવાનું શરૂ કરાયું : સાબરકાંઠામાં અંદાજે ૧ લાખથી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી હતી

હિંમતનગર, તા. ૨૯

લોકસભાની ચૂંટણી પૂર્વે વડાપ્રધાને ખેડૂતોના ઉત્થાન માટે ખેડૂત સન્માન નિધી યોજના જાહેર કરીને નોંધાયેલા ખેડૂતોને દર વર્ષે રૂ. ૬ હજારની રોકડ સહાય તેમના બેંકના ખાતાઓમાં જમા કરાવવાની કરાયેલી જાહેરાત બાદ અત્યાર સુધી સાબરકાંઠાના ૮૦ ટકા ખેડૂતોને સહાયના લાભ મળ્યો હોવાનું બેન્કીંગ ક્ષેત્રમાંથી જાણવા મળ્યું છે.

આ અંગેની વિગત એવી છે કે લોકસભાની ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થયા અગાઉ વડાપ્રધાને ખેડૂતોના ઉત્થાન માટે ખેડૂત સન્માન નિધી યોજનાની જાહેરાત કરીને ખેડૂતોને વાર્ષીક રૂ. ૬ હજારની રોકડ સહાય ચુકવવાની જાહેરાત કરાઈ હતી. ત્યારબાદ સાબરકાંઠાના અંદાજે ૧ લાખથી વધુ ખેડૂતોએ ગ્રામ પંચાયતોમાં તલાટીના માધ્યમથી ખેડૂત ખાતેદારના પુરાવા તથા જે તે બેંકના એકાઉન્ટ નંબર સાથે રજીસ્ટ્રેશન કરાવ્યું હતું.

ત્યારબાદ કેન્દ્ર સરકાર દ્વારા આ ખેડૂત ખાતેદારોનું વિવિધ બેંકોમાં વર્ગીકરણ કરવામાં આવ્યું હતું અને તે પછીના ૧૫ દિવસમાં જિલ્લાના અનેક ખેડૂતોના બેંકના ખાતાઓમાં રૂ. ૨ હજારનો પ્રથમ હપ્તો જમા થયો હતો. જોકે જિલ્લામાં આવેલી સહકારી અને રાષ્ટ્રીયકૃત અને ખાનગી બેંકોમાં ખાતા ધરાવતા ૮૦ ટકા ખેડૂતોને સહાયની રકમ મળી ગઈ છે.

દરમ્યાન સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના જે ખેડૂત ખાતેદારોએ નોંધણી કરાવી હતી. તે પૈકી અંદાજે ૮૧૦૦માંથી ફક્ત ૯૦૦ ખેડૂત ખાતેદારોને સહાય મળી ન હતી. દરમ્યાન આ ૯૦૦ પૈકી ૪૫૦થી વધુ ખેડૂત ખાતેદારોને બુધવારે રૂ. ૨ હજારનો પ્રથમ હપ્તો ચુકવવા માટેની યાદી મળતા તેમના ખાતામાં આ સહાયના નાણાં નાખવાની કામગીરી શરૂ કરી દેવાઈ છે. જોકે આ યાદી સીધી કેન્દ્રમાંથી ગમે ત્યારે આવે છે. તેમ છતાં બાકી રહી ગયેલા ખેડૂત ખાતેદારો સત્વરે સહાય મળી જશે તેવી શક્યતા નકારી શકાતી નથી.

થોડા દિવસ અગાઉ ચૂંટણી જાહેર થઈ તે પછી કેટલાક લોકોએ આચારસંહિતાનો ભંગ થતો હોવાની બુમાબુમ મચાવ્યા બાદ તે અંગે ચૂંટણી પંચ પાસેથી મંજુરી લેવાયા બાદ બાકી રહેલા ખેડૂતોને સહાય ચુકવાઈ રહી હોવાનું આધારભુત સુત્રોમાંથી જણાવાયુ છે.